सत्यमेव जयते

વર્ષ ૨૦૨૩-૨૪માં ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને મેચીંગ ફાળા (સમાન ફાળા) પેટે રૂ.૩૦.૦૦ લાખની ગ્રાન્ટમાંથી પ્રથમ હપ્તા પેટે રૂ.૭.૫૦ લાખ (અંકે રૂપિયા સાત લાખ પચાસ હજાર પુરા)ની ફાળવણી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:SJED/MIS/e-file/17/2022/1660/A-1
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧/૦૭/૨૦૨૩

**વંચાણમાં લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૪/૨૦૨૩નો ઠરાવ ક્રમાંકઃ SJED/CIE/e-file/17/2022/2945/B.

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૬/૦૬/૨૦૨૩નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ/૨૦૨૩-૨૪/૬૪૬-૪૭.

**આમુખઃ-**

ઉપર વંચાણે લીધાં ઠરાવ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૮/૦૪/૨૦૨૩ના ઠરાવથી સને ૨૦૨૩-૨૪ના વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.૧૦૦ કરોડ કે તેથી ઓછી રકમની ચાલુ બાબતોને વહીવટી મંજૂરી આપેલ હતી, જેમાં ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે મેચીંગ ફાળા (સમાન ફાળાની ગ્રાન્ટ) પેટે રૂ.૩૦.૦૦ લાખ મંજુર કરવામાં આવેલ હતી. ઉપર વંચાણે લીધાં ક્રમાંક (૨)ના પત્રથી ઉક્ત બજેટ જોગવાઇ મુજબની રૂ.૩૦.૦૦ લાખની ગ્રાન્ટમાંથી પ્રથમ હપ્તા પેટે ૨૫% મુજબ રૂ.૭.૫૦ લાખની ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવા માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં કરવામાં આવેલ બજેટ જોગવાઇ મુજબની રૂ.૩૦.૦૦ લાખની ગ્રાન્ટમાંથી પ્રથમ હપ્તા પેટે રૂ.૭.૫૦ (અંકે રૂપિયા સાત લાખ પચાસ હજાર પૂરા)ની સમાન ફાળાની ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.